સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ૭૧ માં ગણતંત્ર દિવસની શુભકામનાઓ

## ગુજરાતના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવો એ શ્રેષ્ઠ રાષ્ટ્રભક્તિ છે.




# ગુજરાત સરકારની અભૂતપૂર્વ ઉપલબ્ધિઓ

## સૌથી ઊંચું આકર્ષણ : "સ્ટેચ્યુ ઓફ યુનિટી"



પ્રતિષ્ઠિત "ટાઈમ" મેગેઝીનની વિશ્વના ૧૦૦ જોવાલાયક પ્રવાસન સ્થળોની યાદીમાં સ્થાન પામીને અત્યંત ટૂંકા ગાળામાં "સ્ટેચ્યુ ઓફ યુનિટી"એ વિશ્વભરના લોકોમાં અદકેરું આકર્ષણ જમાવ્યું છે.

અત્યાર સુધીમાં આ સ્થળની મુલાકાત આશરે ૩૭ લાખ લોકો લઈ ચૂક્યાં છે.

## અવરોધ ઘટ્યો : વધી વિકાસની ગતિ

૧૬ ચેકપોસ્ટની નાબુદી કરવાની સાથે રાજ્યમાં "ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ"ને માત્ર વેગ જ નથી મળ્યો પરંતુ અન્ય રાજ્યોમાંથી આવતા વાહનોની લાંબી કતારો ઘટતા પરિવહનની ગતિ વધી તથા ઓનલાઇન પેમેન્ટના લીધે પારદર્શિતા પણ આવી.

## કૃષિ વિકાસદર બે અંકોમાં, ગુજરાત બન્યું અગ્રણી

"સર્વગ્રાહી સિંચાઈ નીતિ"ના લીધે રાજ્યમાં કૃષિ વિકાસનો દર વધીને લગભગ બે અંકોમાં પહોંચ્યો.

કપાસ-મગફળી-દિવેલા-બટાટા અને ઈસબગુલના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે રહ્યું.

## પહેલા ઉત્પાદન, પછી મંજૂરી : નાના-લઘુ ઉદ્યોગ ક્ષેત્રે હરણફાળ

"ફર્સ્ટ પ્રોડક્શન, ધેન પરમિશન"ની નીતિ સાથે ગુજરાત MSME ક્ષેત્રમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪,૮૩,૩૬૩ એકમો સાથે, તીવ્રતાથી વિકાસ કરી રહ્યું છે.

## રોજગારી આપવામાં પણ ટોચે છે, ગુજરાત

રોજગાર વિનિમય કચેરીના આંકડાઓ અનુસાર દેશના તમામ રાજ્યોની સરખામણીમાં ૮૧% સાથે ગુજરાત ટોચે છે.

"સ્ટાર્ટ અપ" માટે જરૂરી લોન આપીને યુવાનોને રોજગારી આપવાના રેન્કિંગમાં પણ ગુજરાત આગળ પડતું છે.

## જળ નિયમનમાં પણ ગુજરાત પાણીદાર !



જળ નિયમન-વ્યવસ્થાપન ક્ષેત્રે સતત ત્રીજા વર્ષે નીતિ આયોગના Comprehensive Water Management Index (CWMI) માં પ્રથમ.

"સુજલામ્ સુફલામ્ યોજના" દ્વારા ૨૩૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ કરવાની સાથે-સાથે રાજ્યએ ૧૬૦ નાના-મોટા નગરો અને ૧૦,૦૦૦થી વધુ ગામડાઓને પાણી પૂરું પાડ્યું. આ સાથે દરિયાઈ પાણીને પીવાલાયક શુદ્ધ પાણી બનાવવાના પાંચ નવા ડિસેલિનેશન પ્લાન્ટ્સ પણ ટૂંક સમયમાં અમલી બનશે.

## "આયુષ્યમાન ભારત": ગુજરાતની તંદુરસ્તી અગ્રીમ હરોળમાં



લગભગ ૮.૫ લાખ લાભાર્થીઓ અને રૂ. ૧૪૦૦ કરોડથી વધુના ખર્ચ સાથે ગંભીર બીમારી જેવી કે કેન્સર, હૃદયરોગ, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ સહિતની સારવાર માટેની યોજના "આયુષ્યમાન ભારત"

(પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના)ના અમલીકરણમાં પણ ગુજરાત અગ્રીમ હરોળમાં રહ્યું છે.

## અહીં પણ અગ્રેસર છે, ગુજરાત

- કાર્ગો હેન્ડલિંગમાં
- એક્સપોર્ટ
- સૂર્યઊર્જાથી વીજળી પેદા કરવામાં
- ઓનલાઇન ગવર્નન્સ
- પરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં
- ટપક સિંચાઈમાં

**CM ડેશબોર્ડ**
કાર્યક્ષમતાનું નવું સોપાન

રાજ્યના ૨૬ વિભાગો અને જિલ્લા કચેરીઓના કામ પર ૩૪૦૦ ઈન્ડિકેટર્સ દ્વારા મુખ્યમંત્રીની સીધી નજર

## ઔદ્યોગિક રોકાણ: ગુજરાત અવ્વલ




ગત નાણાકીય વર્ષના (૨૦૧૯-૨૦૨૦) પ્રથમ છ માસમાં જ રૂ. ૨૬૦૦૦ કરોડના વિદેશી મૂડી રોકાણ(FDI) સાથે ઔદ્યોગિક રોકાણ કરવા માટે ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યું છે.

દેશમાં થતા કુલ ઔદ્યોગિક મૂડીરોકાણની સરખામણીએ ૫૧% "ઈન્ડસ્ટ્રીઅલ એન્ટ્રોપ્રોનીઅર મેમોરેન્ડમ (IEMs)" તો માત્ર ગુજરાતમાં જ થયા.

**ગુજરાત નિવેશ, ઉદ્યોગ અને રાજ્યના સર્વાંગી વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં સફળ થયું છે.**
**– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**